જી.એન.નાચિયા (G.A.S)
નિયામક

નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી
ગુજરાત રાજય,ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૬, જૂના સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલિફોન નં.(૦૭૯) ૨૩૨૫૬૩૦૯
ફેકસ નં. (૦૭૯) ૨૩૨૫૬૩૦૮
E-Mail:-dir-sd@gujarat.gov.in

નં.સસુખા/નવપ/૧૮-૧૯/૬૯૬ તા.૦૫/૦૧/૨૦૧૯

**પરિપત્ર**

પ્રતિ,
કલેકટરશ્રી,
કલેકટર કચેરી કચેરી,તમામ

વિષયઃ- નિરાધાર વૃધ્ધ સહાય યોજના અને ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજનાની પરત આવેલ સહાયની રકમ જમા કરવા બાબત.

સંદર્ભઃ- ૧.સામા. ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર સચિવના અર્ધ સરકારી પત્ર નં.પીએ./પીએસ/ડીબીટી/૨૦૧૬/૫૧ તા.૧૫/૦૯/૨૦૧૬
૨.નં.સસુખા/નવપ/૧૭-૧૮/૧૮૬૬ તા.૧૫.૦૯.૨૦૧૭
૩.નં.સસુખા/નવપ/૧૮-૧૯/૧૭૪૧ તા.૨૭/૦૪/૨૦૧૮
૪.મજૂર,સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના, ઠરાવ ક્રમાંકઃ- બીએમએ/૧૦૭૮/મ.૫૮૮૨/છ.સચિવાલય ગાંધીનગર તા.૨૫-૯-૧૯૭૮
૫.સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ-વનપ-૧૦૨૦૧૮-૨૪૨૪૮૧-છ સચિવાલય, ગાંધીનગર તા.૦૧-૦૬-૨૦૧૮
૬.નં.સહાય/વશી/૧૯૧૨/૧ મામલતદાર કચેરી,ઉપલેટા તા.૧૯/૧૨/૨૦૧૮

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમાજ સુરક્ષા ખાતાની ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના માહે:-સપ્ટેમ્બર.૨૦૧૬ ,નિરાધાર વૃધ્ધો અને અપંગોને આર્થિક સહાય યોજના માહે:-સપ્ટેમ્બર.૨૦૧૭ અને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનામાં માહે:-એપ્રિલ.૨૦૧૮ થી ડી.બી.ટી મારફત અત્રેની કચેરી દ્વારા લાભાર્થીઓને બેંક/પોસ્ટ એકાઉન્ટમાં સીધી ચુકવણી કરવામાં આવે છે.

ઉપરોકત યોજનાની સહાય મંજુર કરી અને N.S.A.P PORTAL પર મામલતદારશ્રીના લોગીનમાંથી મામલતદારશ્રીઓની કચેરી દ્વારા ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવે છે.આ ઓનલાઈન એન્ટ્રી કલેકટરશ્રીના લોગીનમાંથી વેરીફાઇડ થઈને અત્રેના N.S.A.Pના લોગીનમાં સબમીટ થાય છે. જે અત્રે મળેલ ઓનલાઈન ડેટાબેઝ પર લાભાર્થીઓનના પેન્શનની ચુકવણી સીધી ખાતામાં કરવામાં આવે છે.સંદર્ભ-૪ અને ૫ થી લાભાર્થીની ખરાઈ કરવાની કામગીરી સંબંધિત અધિકારી/કર્મચારીઓને સરકારશ્રી દ્વારા જવાબદારી નકકી કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન અને નિરાધાર વૃધ્ધ અને અપંગોનો આર્થિક સહાયમાં યોજનામાં ઘણા કિસ્સામાં લાભાર્થીઓનું અવસાન થયા પછી લાભાર્થીઓની એન્ટ્રી ઓનલાઈન ચાલુ હોવાથી દરમાસે ડી.બી.ટી દ્વારા ઓનલાઈન સહાય તેમના બેંક/પોસ્ટ એકાઉન્ટમાં જમા થઈ જાય છે. લાભાર્થીના અવસાન/પાત્રતા ગુમાવનાર લાભાર્થીની એન્ટ્રી જે તે સંબંધિત મામલતદારશ્રીઓની કચેરી દ્વારા સમય મર્યાદા બંધ કરવાની થાય છે. પરંતુ આવી એન્ટ્રી સંબંધિત કચેરીઓ દ્વારા બંધ કરવામાં આવતી નથી. અથવા જે તે પેન્શનર દ્વારા અવસાન/પાત્રતા ગુમાવ્યાં પછી તેમના દ્વારા તેની જાણ મામલતદારશ્રીની કચેરીઓની કરવામાં આવતી નથી.આવા કિસ્સામાં લાભાર્થીઓના અવસાન થયા પછી તેમના બેંક/પોસ્ટ એકાઉન્ટએકાઉન્ટમાં ડી.બી.ટી. દ્વારા સહાય ઓનલાઈન જમા થઈ જાય છે. આવા કિસ્સામાં વધારે જમા થયેલ રકમ મામલતદારશ્રીની કચેરી દ્વારા લાભાર્થીઓ પાસેથી રકમ પરત મેળવવાની થાય છે.

સંદર્ભ-કથી મામલતદારશ્રીની કચેરી, ઉપલેટા દ્વારા વધારે જમા થયેલ સહાયની રકમનો Niyamak Shree Samaj Surksha Gandhinagar નો રૂ.૧૦૫૦૦.૦૦ નો ડીમાન્ડ ડાફટ અત્રેની કચેરીને મોકલી આપવામાં આવેલ છે. જેની કાર્યવાહી અત્રેની કચેરી દ્વારા કરવાની રહેતી નથી.જે Demand Draft જે તે કચેરી દ્વારા સરકારશ્રીના બજેટ સદરે જમા કરાવવાની કાર્યવાહી માટે પરત કરવામાં આવે છે.

પરત મેળવેલી રકમ સરકારશ્રીની નીચેના બજેટ સદરે જમા કરવાની થાય છે.

| | | |
|---|---|---|
| Consolidated Fund | Revnue | |
| Receipts Heads | Revnue Account | |
| Sector | B :Non Tax Revnue | |
| Sub Sector | (c) : Other Non Tax Revnue (ii) Social Services | |
| Major Head | 0235 | Social Security And Welfare |
| Sub Major Head | 60 | Other Social Security and Welfare programmes |
| Minor Head | 800 | Other Receipts |
| Sub Head | 04 | Other Receipts |
| Budget Head | 0235 60 800 04 | |

આથી સંબંધિત કચેરીઓને સુચના આપવામાં આવે છે કે વધારે જમા થયેલ સહાય કે પરત આવેલ સહાયની રકમ ઉપરોકત બજેટ સદરે જમા કરવાની ઘટતી કાર્યવાહી કરવા વિનંતી છે.આવી પરત મેળવેલી કે પરત આવેલી રકમનો ચેક/ડીમાન્ડ ડ્રાફટ અત્રેની કચેરી મોકલવો નહી.સરકારશ્રીમાં જમા કરેલ સહાયની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

બિડાણ:-Recipts Head

સવિનય નકલ રવાના.

- નાયબ સચિવશ્રી(સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગરને જાણ સારૂ રવાના.

| | | |
|---|---|---|
| Consolidated Fund | Revenue | |
| Receipts Heads | Revenue Account | |
| Sector | B : Non Tax Revenue | |
| Sub Sector | ( c ) : Other Non Tax Revenue ( ii ) Social Services | |
| Major Head | 0235 | Social Security and Welfare |
| Sub Major Head | 60 | Other Social Security and Welfare Programmes |
| Minor Head | 800 | Other Receipts |
| Sub Head | 04 | Other Receipts |
| Budget Head | 0235 60 800 04 | |